રાજભવન, ગાંધીનગર.
તા. ૨૨/૦૫/૨૧૦૫

**ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ દ્વારા યોજાયેલ સન્માન સમારોહમાં રાજ્યપાલશ્રીના હસ્તે વિદેશી વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કરાયા**

---

ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદ, વિદેશ મંત્રાલય, ભારત સરકાર પુરસ્કૃત કાર્યક્રમ અંતર્ગત ગુજરાતના વિવિધ વિશ્વ વિદ્યાલયોમાં અભ્યાસ કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓના અભ્યાસક્રમો પૂર્ણ થતાં ગઈકાલે રાજભવન ખાતે યોજાયેલ સમારોહમાં ગુંજરાતના રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો એનાયત કર્યા હતા.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારતીય સાંસ્કૃતિક સંબંધ પરિષદના કાર્યક્રમ અંતર્ગત વિશ્વના વિવિધ દેશોના વિદ્યાર્થીઓ-ને ગુજરાતની યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થઈ છે, તે આનંદની વાત છે. વિદ્યાર્થીઓને ભારત દેશ અને ગુજરાતની જીવન શૈલી તથા પરંપરાઓથી પરિચિત થવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે, જે તેમના માટે જીવનમાં ખૂબ જ ઉપયોગી નિવડશે. તેઓ ભાગ્યશાળી છે કે તેઓને મહાત્મા ગાંધી અને અખંડ ભારતના નિર્માતા શ્રી વલ્લભભાઈ પટેલની પૂણ્યભૂમિ ગુજરાતમાં આવી અભ્યાસ કરવાનો અનેરો અવસર મળ્યો છે.

તેમણે આશા વ્યકત કરી હતી કે ગુજરાતના રોકાણ દરમ્યાન વિદ્યાર્થીઓને જે સુખદ અનુભવો થયા છે, તેને તેઓ સદાય યાદ રાખશે અને તેઓ ભારત અને રાજ્યના દૂત બની રહેશે.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે ભારત હંમેશા થી "વસુધૈવ કુટુમ્બકમ્" ની ભાવનામાં માને છે. તેમણે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપી ઉજજવળ ભવિષ્યની કામના વ્યકત કરી હતી.

પ્રારંભમાં શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ રાજ્યની જુદી-જુદી યુનિવર્સિટીઓમાં અભ્યાસપૂર્ણ કરનાર વિદેશી વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા

હતા અને આશા વ્યકત કરી હતી કે તેમણે પ્રાપ્ત કરેલ જ્ઞાન તેમના દેશ અને સમાજના શ્રેય માટે ઉપયોગી કરશે.

આ પ્રસંગે રાજયમંત્રી શ્રીમતી વસુબેન ત્રિવેદી, અગ્રસચિવ (ઉચ્ચ શિક્ષણ) શ્રી મુકેશ પુરી, પદ્મભૂષણ શ્રીમતી કુમુદનીબેન લાખીયા, ગણમાન્ય શિક્ષણશાસ્ત્રીઓ, રાજય સરકારના ઉચ્ચાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહયા હતા.

પરિષદના પ્રાદેશિક અધિકારી શ્રી મકરંદ શુકલાએ તેમના સ્વાગત પ્રવચનમાં વિવિધ યુનિવર્સિટીઓમાં વિદેશી વિદ્યાર્થીઓને અભ્યાસ કરવાની ઉપલબ્ધ થતી તકો અને સુવિધાઓની માહિતી આપી હતી.

---

પ્રેસ સચિવ